નવો શિક્ષક

વાર્તા

આવૃત્તિ ૧૨

મેકમિલન એન્ડ કંપની, લિમિટેડ
હૉર્નબી રોડ, ફોર્ટ, મુંબઈ

 ૧૯૩૦ [કિંમત ૩ આના

નવો શિક્ષક

વાર્તા

બાળવર્ગ માટે

મૅક્‌મિલન્ અને કંપની, લિમિટેડ
હૉર્નબી રોડ, કોટ, મુંબઈ

 ૧૯૩૦ [કિંમત ૩ આના

મરાઠી નવા શિક્ષકનું

ભાષાંતર કરાવનાર

મિસ એલ. એફ. ઑસ્ટિન, બી. એ.

Printed by V. P. Pendherkar, at the Tutorial Press,
211a, Girgaon Back Road, Bombay
and
Published by F. E. Francis, for Messrs. Macmillan & Co., Ltd.,
Fort, Bombay



નવો શિક્ષક

વાર્તાઓ

વાર્તા પહેલી

બાપુ

૧. એક છોકરો હતો.
તે છોકરો જુઠ્ઠો હતો.
તે છોકરો બહુ જુઠ્ઠો હતો.
તે છોકરાનું નામ બાપુ હતું.





૨. "મા! મા! વાઘ આવ્યો.
બાપા! બાપા! વાઘ આવ્યો.
બકરી પકડી! બકરી પકડી!

વાઘે બકરી પકડી!"



એવી રીતે તે છોકરાએ બૂમો પાડી.
પણ ખરેખરો વાઘ આવ્યો ન હતો.
વાઘે બકરી પકડી ન હતી.
તે છોકરો બહુ જુઠ્ઠો હતો.

૩. પણ એક દિવસ ખરેખરો વાઘ આવ્યો.
બાપુએ બૂમ પાડી,
"વાઘ આવ્યો, વાઘ આવ્યો!
બકરી પકડી! બકરી પકડી!
વાઘે બકરી પકડી!"



તે છોકરો બહુ જુઠ્ઠો હતો,
આ વખતે બાપ આવ્યો નહિ.
મા આવી નહિ.
કોઈ આવ્યું નહિ.

૪. એક દિવસ ખરેખરો વાઘ આવ્યો.
બાપ આવ્યો નહિ.
મા આવી નહિ.



કોઈ આવ્યું નહિ.

વાઘે બકરી પકડી.

બાપુ ઘણોજ રડ્યો.

વાર્તા બીજી

બળદ અને કુતરો

---

૧. એક બળદ હતો.

બળદને ઘણી ભૂખ લાગી હતી.

એક કુતરો હતો.

કુતરા પાસે ઘાસ પડેલું હતું.



૨. બળદને ઘણી ભૂખ લાગી હતી.



તે ઘાસ પાસે આવ્યો.

તેને જોઈ કુતરો ભસવા લાગ્યો.

બળદ બોલ્યો,

"કુતરા ભાઈ, કુતરા ભાઈ, મને બહુ ભૂખ લાગી છે. મને ઘાસ ખાવા દે."

૩. કુતરો બોલ્યો,
"હું તને ઘાસ ખાવા નહિ દઉં."
બળદ બોલ્યો,
"કુતરા ભાઈ, આ ઘાસ તારા કામનું નથી.
મને બહુ ભૂખ લાગી છે,
મને ઘાસ ખાવા દે."
કુતરો બોલ્યો,
"મારે ઘાસ કામનું નથી,
પણ હું તને ઘાસ ખાવા
નહિ દઉં; જા."
કુતરો ભસવા લાગ્યો.



"નિશાળ છૂટી પાટી ફૂટી.
મા, મને ભૂખ લાગી."

વાર્તા ત્રીજી

મધમાખી અને કબુતર

1. એક મધમાખી હતી.
તેને બહુ તરસ લાગી હતી.

પાસે એક નદી હતી.
તેથી મધમાખી નદી પર ગઈ.
નદી બહુ જોરથી વહેતી હતી.
તેથી મધમાખી તણાવા લાગી.
તે તણાતી હતી, તે તણાતી.

૨. તે નદીની પાસે એક ઝાડ હતું.
તે ઝાડ પર એક કબુતર બેઠું હતું.
મધમાખી નદીમાં તણાઈ જતી હતી.
તેથી કબુતરને તેના પર દયા આવી.



કબુતરે ઝાડનું પાંદડું તોડી નદીમાં નાખ્યું.
મધમાખી તે પાંદડા પર બેઠી.
તે કિનારા પર આવી, તે કિનારા પર આવી, તે કિનારા પર આવી.

૩. તે ઝાડ નીચે એક શિકારી આવ્યો.
શિકારી પાસે એક જાળ હતી.
તે જાળ તેણે નીચે પાથરી.
તેણે કબુતરને પકડવા માટે જાળ પાથરી.
મધમાખીને કબુતર પર દયા આવી.

મધમાખી શિકારીના પગે કરડી.
"અરેરે! અરેરે!" એવી બૂમ
તે શિકારીએ પાડી.
તે શિકારીએ બહુ જોરથી બૂમ
પાડી.



કબુતર ઊડી ગયું, તે ઊડી ગયું.
તે ઊડી ગયું.

વાર્તા ચોથી

ચંચળ અને માણેક

એક હતી ચંચળ, તેને માણેક નામે દીકરી હતી.
માણેક ગઈ જમવા.
તેને મળ્યો પૈસો.
મા, મા, પૈસાનું શું લાવું?
મા બોલી, ભાજી.
સાફ કેવી રીતે કરૂં? સરર, સરર.
કાપું કેવી રીતે? ચરર, ચરર.
રાંધું કેવી રીતે? ખદખદ.

ખાઉં કેવી રીતે? મટમટ.
સૂઈ જાઉં કેવી રીતે? ડાબે પાસે.
અમારી મઝાની વાર્તા પૂરી થઈ.

વાર્તા પાંચમી

ત્રણ બેનો



એક હતી મણી.
એક હતી માણેક.
અને એક હતી હું.
મણી ગઈ ફરવા.
માણેક ગઈ ફરવા.
અને હું પણ ગઈ.
મણીને મળ્યો પૈસો.
માણેકને મળ્યો પૈસો.



અને મને મળી એક પાઈ.
મણી બજારે ગઈ.
માણેક બજારે ગઈ.
હું પણ ગઈ.
મણીએ લીધો મકાઈદાડો.



માણેકે લીધો મકાઈદાડો.
અને મેં પણ લીધો.
મણી આવી ઘેર.
માણેક આવી ઘેર.
હું પણ આવી ઘેર.
મણીએ શેકયો મકાઈદાડો.
માણેકે શેકયો મકાઈદાડો.
હું શેકવા ગઈ,
તો મારો મકાઈદાડો બળી ગયો.
મણીએ એક દાણો આપ્યો.
માણેકે એક દાણો આપ્યો.
મેં તે ખાધા.
મણી ગઈ પાણી પીવા.
માણેક ગઈ પાણી પીવા.

હું પણ ગઈ પાણી પીવા, તો અંદરજ પડી.
મણીએ હાથ પકડયો.
માણેકે હાથ પકડયો.
અને મને બહાર કાઢી.
પછી મને હસવું આવ્યું.



અહીં બેસ રે મોર, બેસ રે મોર,
બાળકે આપ્યો ચારો,
ચારો ખા, પાણી પી.

આવ રે વરસાદ, આવ રે વરસાદ,
તને આપું પૈસો,
પૈસો પડયો ખોટો,
વરસાદ આવ્યો મોટો.

વાર્તા છઠ્ઠી

માધવ

૧. માધવ નામનો એક છોકરો હતો.
તે હોશિયાર હતો.



તેનામાં સારા ગુણ હતા.
તે રોજ નિશાળે જતો.

૨. એક દિવસ નિશાળ છૂટી.
એટલે માધવ દોડીને ઘેર જતો હતો.
માધવ પાસે એક પડીકું હતું.
તે તેની માને દેખાડવા સારૂ જતો હતો.
તે દોડીને ઘેર આવ્યો.



૩. પડીકું તેની માને આપ્યું.
માએ તે છોડવા માંડ્યું.
તેણે તે છોડ્યું.
તેની અંદર એક ઈનામ હતું.
મા–" માધવ, આ શું છે? "
માધવ–" મા, એ મને ઈનામ મળ્યું છે. "
મા–" શા માટે તને ઈનામ મળ્યું છે? "
માધવ–" મારી ચાલચલગત સારી છે,
એમ મને માસ્તરે કહ્યું.
પછી મને આ ઈનામ આપ્યું."
માને આનંદ થયો.
તેણે માધવને શાબાશી આપી.

વાર્તા સાતમી
ઉંદરની વાત




એક ઉંદર હતો.

તેને એક પૈસો મળ્યો.

તે રાજા પાસે ગયો ને બોલ્યો,

"રાજા સાહેબ, રાજા સાહેબ, હું પૈસો કયાં મૂકું ?"

રાજા બોલ્યો, "જાઓ, તેને એક રૂમાલ આપો."


ઉંદર બોલ્યો, "મને બાંધતાં આવડતું નથી,

મને બાંધતાં આવડતું નથી."

રાજા બોલ્યો, "જાઓ, તેને બાંધી આપો."

ઉંદર બોલ્યો, "મૂકવાને માટે જગા નથી, જગા નથી."

રાજા બોલ્યો, "જાઓ, તેને પેટી આપો."




ઉંદર બોલ્યો, "પેટી કેવી રીતે ઉંચકું,

કેવી રીતે ઉંચકું ?"

રાજા બોલ્યો, "જાઓ, તેને પેટી


ઉપાડવા ઊંટ આપો."



ઉંદર બોલ્યો, "તેની ગરદન બહુ


લાંબી છે, બહુ લાંબી છે."

રાજા બોલ્યો, "ત્યારે તેને હાથી આપો."



ઉંદર બોલ્યો, "તેના સુપડા જેવા કાન છે, સુપડા જેવા કાન છે."

રાજા બોલ્યો, "સારૂં, ત્યારે તેને ઘોડી આપો."




ઉંદર બોલ્યો, "એ તો જલદી ચાલે છે, બહુ જલદી ચાલે છે."

રાજા બોલ્યો, "સારૂં, તેને ગાડી આપો."

ઉંદર બોલ્યો, "એનો ખડખડાટ બહુ થાય છે. એનો ખડખ-ડાટ બહુ થાય છે."



રાજા બોલ્યો, "સારૂં, તેને એક પાલખી આપો."



ઉંદર બોલ્યો, "બહુ ગરમી લાગે છે, બહુ ગરમી લાગે છે."

રાજા બોલ્યો, "સારૂં, ત્યારે તેને પૈસો પાછો આપો."

ઉંદરે ઘણા દુઃખની સાથે પૈસો પાછો લીધો.

વાર્તા આઠમી

નાની મરઘી

એક મરઘી હતી.
તે બહુ નાની હતી.
તેને કેટલાક ઘઉંના દાણા મળ્યા.
તેણે બિલાડીને બોલાવી.
તેણે બતકને બોલાવી.
તેણે કબુતરને બોલાવ્યું.
પછી તે નાની મરઘી બોલી,
"હું ઘઉં વાવીશ.
મને કોણ મદદ કરશે?"
બિલાડી બોલી, "હું મદદ નહિ કરૂં."
બતક બોલી, "હું મદદ નહિ કરૂં."
કબુતર બોલ્યું, "હુ મદદ નહિ કરૂં."
પછી તે નાની મરઘી બોલી,
"વારૂ, હું પોતેજ ઘઉં વાવીશ."
તેણે ઘઉં વાવ્યા.
તે ઘઉં પાકયા.

પછી તે નાની મરઘી બોલી,
"હું ઘઉં કાપું છું.
મને કોણ મદદ કરશે?"
બિલાડી બોલી, "હું નહિ કાપું."
બતક બોલી, "હું નહિ કાપું."
કબુતર બોલ્યું, "હું નહિ કાપું."
પછી તે નાની મરઘી બોલી,
"વારૂ, ત્યારે હું પોતેજ ઘઉં કાપીશ."
તેણે ઘઉં કાપ્યા.
પછી તે નાની મરઘી બોલી,
"હું ઘઉં દળું છું.
મને કોણ મદદ કરશે?"
બિલાડી બોલી, "હું નહિ દળું."
બતક બોલી, "હું નહિ દળું."
કબુતર બોલ્યું, "હું નહિ દળું."
પછી તે નાની મરઘી બોલી,
"વારૂ, ત્યારે હું પોતેજ ઘઉં દળીશ."
તેણે ઘઉં દળ્યા.
પછી તે નાની મરઘી બોલી,
"હું પુરી કરૂં છું.

મને કોણ મદદ કરશે?"
બિલાડી બોલી, "હું પુરી નહિ કરૂં."
બતક બોલી, "હું પુરી નહિ કરૂં."
કબુતર બોલ્યું "હું પુરી નહિ કરૂં."
પછી તે નાની મરઘી બોલી,
"વારૂ, હું પોતેજ પુરી કરીશ."
તેણે પુરી કરી.
પછી તે નાની મરઘી બોલી,
"હું પુરી તળું છું.
મને કોણ મદદ કરશે?"
બિલાડી બોલી, "હું નહિ તળું."
બતક બોલી, "હું નહિ તળું."
કબુતર બોલ્યું, "હું નહિ તળું."
પછી તે નાની મરઘી બોલી,
"વારૂ, ત્યારે હું પોતેજ પુરી તળીશ".
તેણે પુરી તળી.
પછી તે નાની મરઘી બોલી,
"હું પુરી ખાઉં છું.
મને કોણ મદદ કરશે?"
બિલાડી બોલી, "મિયાંઉં! મિયાંઉં! મિયાંઉં! હું! હું! હું!"

બતક બોલી, "કવાક! કવાક! કવાક! હું! હું! હું!"
કબુતર બોલ્યું, "ઘુરૂર! ઘુરૂર! ઘુરૂર! હું! હું! હું!"
પછી તે નાની મરઘી બોલી,
"મેં પોતેજ ઘઉં વાવ્યા.
મેં પોતેજ ઘઉં દળ્યા.
મેં પોતેજ પુરી કરી.
મેં પોતેજ પુરી તળી.
તો પછી હું પોતેજ પુરી ખાઈશ.
અને મારાં બચ્ચાંને આપીશ".
પછી તેણે તે પુરી બચ્ચાંને આપી.

વાર્તા નવમી

અનાજની વાત

એક દિવસે એક ઘેટી અને એક કુતરો અનાજ વાવવા ચાલ્યાં.

રસ્તામાં તેમને એક ગાય મળી.



ઘેટી અને કુતરો બોલ્યાં, "અમે અનાજ વાવવા જઈએ છીએ."

ગાય બોલી, " હું પણ આવીશ."

ઘેટી અને કુતરો બોલ્યાં, " તું અનાજ વાવવા લાગશે શું ? "



ગાય બોલી, " હા, હું વાવવા લાગીશ."

ઘેટી બોલી, " વારૂ, તું પણ આવ."


પછી કુતરો ચાલ્યો.

ઘેટી ચાલી.

ગાય ચાલી.

તે બધાં ચાલતાં હતાં, એટલામાં તેમને એક બતક મળી.

કુતરો અને ગાય બોલ્યાં, "અમે અનાજ વાવવા જઈએ છીએ."



બતક બોલી, "હું પણ આવું છું."

ઘેટી, કુતરો અને ગાય બોલ્યાં, " તું અનાજ વાવવા લાગશે શું ? "

બતક બોલી, "હા, હું વાવવા લાગીશ."

ઘેટી બોલી, "વારૂ, તું પણ આવ."

પછી કુતરો ચાલ્યો.

ઘેટી ચાલી.

ગાય ચાલી.

બતક ચાલી.

તેઓ ચાલ્યાં, ચાલ્યાં ને ચાલ્યાં.

પછી ઘેટી બોલી,

"આપણે અહીં અનાજ વાવીશું."



કુતરો અનાજ વાવવા લાગ્યો.


ગાય અનાજ વાવવા લાગી.

બતક અનાજ વાવવા લાગી.

તે બધાં અનાજ વાવવા લાગ્યાં.

ત્યાર પછી તે અનાજને પાણીની જરૂર પડી.

ઘેટી બોલી, "આપણે કુવામાંથી પાણી લાવીએ."



કુતરો પાણી લાવવા લાગ્યો.
ગાય પાણી લાવવા લાગી.
બતક પાણી લાવવા લાગી.

તે બધાં કુવામાંથી પાણી લાવવા લાગ્યાં.
પછી અનાજ કાપવામાં આવ્યું.



ઘેટી બોલી, "આપણે તે બજારમાં વેચીશું."

કુતરો કેટલુંક અનાજ લઈ બજારમાં ગયો.

ગાય કેટલુંક અનાજ બજારમાં લઈ ગઈ.
બતક કેટલુંક અનાજ બજારમાં લઈ ગઈ.
તે બધાં અનાજ બજારમાં લઈ ગયાં.
ત્યાર પછી તેઓએ તે અનાજ આઠ રૂપીએ વેચ્યું.
ઘેટી બોલી, "આપણુ બધાંને બબ્બે રૂપીઆ મળશે."



કુતરાને બે રૂપીઆ મળ્યા.
ગાયને બે રૂપીઆ મળ્યા.
બતકને બે રૂપીઆ મળ્યા.

ઘેટીને બે રૂપીઆ મળ્યા.


તે દરેકને અનાજ વેચવાથી બબ્બે રૂપીઆ મળ્યા.

વાર્તા દસમી
રીંછનું જંગલ

એક દિવસ ગાય બોલી, "હું ઘાસ જોવા જંગલમાં જાઉં છું."

બકરૂં બોલ્યું, "હું પણ આવું છું."

ઘોડો બોલ્યો, "હું પણ આવું છું."



ઊંટ બોલ્યું, "હું પણ આવું છું."

ગાય બોલી, "તો આપણે બધાં જઈએ."

બળદ બોલ્યો, "હું આવીશ નહિ, જંગલમાં રીંછ છે."

ગાય બોલી, "હું રીંછથી બીતી નથી."

બકરૂં બોલ્યું, "હું રીંછથી બીતું નથી."

ઘોડો બોલ્યો, "હું પણ બીતો નથી."

ઊંટ બોલ્યું, "હું પણ બીતું નથી."

ગાય બોલી, "આપણે કોઈ પણ રીંછથી બીતાં નથી."

પછી ગાય જંગલમાં ચાલી.

બકરૂં પણ જંગલમાં ચાલ્યું.

ઘોડો અને ઊંટ જંગલમાં ચાલ્યાં.



તે ચારે જણ જંગલમાં ગયાં.

ત્યાં તેમને લીલુંછમ ઘાસ મળ્યું.

ગાયે તે લીલુંછમ ઘાસ ખાધું.

બકરાએ પણ તે લીલુંછમ ઘાસ ખાધું.

ઘોડાએ અને ઊંટે પણ તે લીલુંછમ ઘાસ ખાધું.

તે ચારે જણાંએ તે લીલુંછમ ઘાસ ખાધું.

પછી તે છાયામાં તેમને ઘણું ઠંડું પાણી મળ્યું.

ગાયે તે ઠંડું પાણી પીધું.

બકરાએ પણ તે ઠંડું પાણી પીધું.

ઘોડાએ અને ઊંટે પણ તે ઠંડું પાણી પીધું.

તે ચારે જણાંએ તે ઠંડું પાણી પીધું.



પછી સામે જોયું તો
 તેઓએ રીંછને જોયું.
રીંછ ઘૂર ઘૂર કરવા
 લાગ્યું.
ગાય બોલી, "મને
 બીક લાગે છે."
બકરૂં બોલ્યું, "મને બીક લાગે છે."
ઘોડો અને ઊંટ બોલ્યાં, "અમને પણ બીક લાગે છે."
ગાય બોલી, "આપણ ચારે જણને હમણાં બીક
 લાગે છે."

રીંછ ઘૂર કરીને બોલ્યું,
"તમે મારા જંગલમાં શું કરો છો?
 તમે મારૂં લીલું ઘાસ કેમ ખાઓ છો?
 તમે મારૂં થંડું પાણી કેમ પીઓ છો?
 તમે મારી સુંદર જગાએ શા માટે આવ્યાં છો?"
ગાય બોલી, "અમે તમારૂં કશું નુકસાન કરતાં નથી.
બકરૂં બોલ્યું, "અમે ફકત ઘાસ જોઈએ છીએ."
ઘોડો અને ઊંટ બોલ્યાં, "અમે ફકત થંડું પાણી
 પીધું છે."

ગાય બોલી, "અમે તારા જંગલમાં કંઈ નુકસાન
  કરનાર નથી."

રીંછ ફરી ઘૂર કરીને બોલ્યું,
 "આ જંગલમાંથી તમે નીકળી જાઓ.
  આ જંગલ મારૂં છે.
  આ લીલુંછમ ઘાસ મારૂં છે.
  આ થંડું પાણી મારૂં છે.
  આ સુંદર જગા મારી છે."

પછી ગાય દોડી.
બકરૂં પણ દોડયું.
ઘોડો અને ઊંટ
  દોડયાં.




તે ચારે જણ જંગલમાંથી બહાર નીકળ્યાં, ત્યાં સુધી
  ખૂબ દોડયાં.

તે સઘળાં રસ્તે દોડતાં દોડતાં પોતપોતાને ઘેર
  પાછાં આવ્યાં.

વાર્તા અગિયારમી
ઘેટીનું ઘર

એક દિવસ એક ઘેટીને એક મોટો હથોડો મળ્યો.

તે બોલી, "હું આનાથી મારું ઘર બાંધીશ."



તેણે તે ઉપાડી લીધો, અને રસ્તે ચાલવા લાગી.

રસ્તે તેને એક મોટો હાથી મળ્યો.

તેણે હાથીને બૂમ મારી, અને બોલી, "સલામ, હાથીરાજા."

હાથી બોલ્યો, "સલામ, ઘેટીબાઈ, તું ક્યાં જાય છે?"

ઘેટી બોલી, "હું જંગલમાં જાઉં છું, મારે લાકડાનું ઘર બાંધવાનું છે."


પછી તે હાથી બોલ્યો, "હું તારી સાથે આવું?"

ઘેટી બોલી, "તું આવીને શું કરીશ?"

હાથી બોલ્યો, "હું ઝાડોને પાડી નાખીશ, અને ઉંચકીને લાવી આપીશ."

ઘેટી બોલી, "સારૂં, તું મારી સાથે આવ, મને તારી જરૂર છે."

ઘેટી અને હાથી સાથે ચાલ્યાં.



રસ્તામાં તેમને એક બતક મળી.

બતક બોલી, "સલામ, ઘેટી-બાઈ, તું ક્યાં જાય છે?"

ઘેટી બોલી, "હું જંગલમાં જાઉં છું, મારે લાકડાનું ઘર બાંધવાનું છે."

બતક બોલી, "હું સાથે આવું?"

ઘેટી બોલી, "તું આવીને શું કરીશ?"

બતક બોલી, "હું ઘરની ફાટોને માટીથી પૂરીશ."

ઘેટી બોલી, "સારૂં, તું મારી સાથે આવ, મને તારી જરૂર છે."

પછી ઘેટી, હાથી અને બતક એક બીજાની પાછળ ચાલ્યાં.

કુવાની પાસે એક બળદ ઉભો હતો.

તે માતેલો બળદ બોલ્યો, "સલામ, ઘેટીબાઈ, તું ક્યાં જાય છે?"

ઘેટી બોલી, "હું જંગલમાં જાઉં છું, મારે લાકડાનું ઘર બાંધવાનું છે."

તે માતેલો બળદ બોલ્યો, "હું તમારી સાથે આવું."




ઘેટી બોલી, "તું આવીને શું કરીશ?"

બળદ બોલ્યો, "ઘરને માટે તને માટીની જરૂર પડશે; હું તારે માટે ઉંચકી લાવીશ."

ઘેટી બોલી, "સારૂં, તું પણ મારી સાથે આવ, મને તારી જરૂર પડશે."

પછી ઘેટી, હાથી, બતક, બળદ બધાં સાથે સાથે ચાલ્યાં.

કેટલાક વખત પછી રસ્તે ચાલતાં તેમને એક મરઘો મળ્યો.



મરઘો બોલ્યો, "સલામ, ઘેટીબાઈ, તું કયાં જાય છે?"

ઘેટી બોલી, "હું જંગલમાં જાઉં છું, મારે લાકડાનું ઘર બાંધવાનું છે."

મરઘો બોલ્યો, "હું તારી સાથે આવું?"
ઘેટી બોલી, "સારું, તું પણ મારી સાથે આવ. મારે
તારી જરૂર છે."
પછી તે પાંચે જણ સાથે જંગલમાં ગયાં.
તેઓ બધાં ત્યાં પહોંચ્યાં.
મોટો હાથી ઝાડોને પાડવા લાગ્યો.
નાની ઘેટી લાકડાનું ઘર બાંધવા લાગી.
માતેલો બળદ માટી લાવવા લાગ્યો.
બતક ઘરની ફાટો પૂરવા લાગી.
મરઘો રોજ સવારે કુકરે કૂક કરીને બોલતો ગયો.
તે સાંભળી હાથી ઊઠયો.
ઘેટી ઊઠી.
બતક ઊઠી.
બળદ ઊઠયો.



કેટલાક દિવસ પછી ઘર
તૈયાર થયું.
એ ઘર ઘણું સુંદર હતું.
નાની ઘેટી બોલી, "હાથી-
રાજા, હું તારો ઉપકાર
માનું છું.

મરઘા, હું તારો ઉપકાર માનું છું.
બળદ ભાઈ, હું તારો ઉપકાર માનું છું.
બતક, હું તારો ઉપકાર માનું છું."
નાની ઘેટી આ સુંદર ઘરમાં ઘણાં વર્ષ સુધી સુખી રહી.

વાર્તા બારમી
રામાની ઘેટી

એક દિવસે રામો અને તેની ઘેટી રમવા ગયાં.
તેઓ રમતાં રમતાં બહુજ રમ્યાં.



પછી રામાને ઘેર જવાનું મન થયું.
પણ ઘેટી કેમે કરી ઘેર આવી નહિ,
કેમકે ઘેટીને ઘાસ ખાવાનું મન હતું.
રામો બોલ્યો, "મારાથી હમણાં ઘેર જવાશે નહિ,
કેમકે મારી ખરાબ ઘેટી ઘેર આવતી નથી."
પછી રામો રડવા લાગ્યો, ને ત્યાંજ બેઠો.



ત્યાં એક માતેલો બળદ આવ્યો.
રામો બોલ્યો, "મારી ઘેટી દોડી
ગઈ છે, ઘેટી ઘેર આવતી

નથી, માટે હું રડું છું."

બળદ બોલ્યો, "રામા, રડીશ નહિ. હું ઘણો મોટો અને બળવાન છું, હું ઘેટીને પકડી ઘેર લાવીશ."

બળદ ઘેટીની પાછળ દોડયો.

બળદ દોડી દોડીને ખૂબજ દોડયો.

પણ બળદથી ઘેટી ઘેર લવાઈ નહિ.

પછી બળદ પણ રડવા લાગ્યો.



ત્યાં એક ઊંચું ઊંટ આવ્યું.

ઊંટે કહ્યું, "બળદ, તું કેમ રડે છે."


બળદે કહ્યું, "રામો રડે છે, માટે હું રડું છું. રામો રડે છે, કારણ કે તેની ઘેટી જતી રહી છે. તે કેમે કરી ઘેર આવતી નથી."

ઊંટ બોલ્યું, "રામા, તું રડીશ નહિ, હું ઘણું મોટું અને બળવાન છું; હું ઘેટીને ઘેર લાવીશ."

ઊંટ ઘેટીની પાછળ દોડયું.

ઊંટ બહુજ ઝડપથી દોડયું, પણ ઘેટી આમ દોડે તેમ દોડે, પણ ઘેર આવે નાહ.

પછી ઊંટ પણ રડવા લાગ્યું.
રામો રડવા લાગ્યો.
બળદ રડવા લાગ્યો.
ત્યાં આગળ એક ચપળ ઘોડો આવ્યો.



ઘોડો બોલ્યો, "અરે ઊંટ, તું કેમ રડે છે?"

ઊંટ બોલ્યું, "આ બળદ રડે છે, તેથી હું પણ રડું છું."

બળદ બોલ્યો, "આ રામો રડે છે, તેથી હું પણ રડું છું."

રામો બોલ્યો, "મારી ઘેટી જતી રહી છે, તે ઘેર આવતી નથી, માટે હું રડું છું."

ઘોડો બોલ્યો, "રામા, તું રડીશ નહિ, હું બળદ કરતાં અને ઊંટ કરતાં ચપળ છું, તેથી હું તારી ઘેટીને ઘેર લાવીશ."

ઘોડો સર્વ કરતાં બહુજ ઝડપથી દોડયો.



પણ ઘેટી આમ વળે તેમ વળે, પણ ઘેર આવે નહિ.

પછી ઘોડો પણ રડવા લાગ્યો.
ત્યાં એક આનંદી મધમાખી ઉડતી ઉડતી આવી.
મધમાખીને લાગ્યું કે કોઈને પણ દુ:ખ થવું જોઈએ નહિ.
તેથી તે બધાંને રડતાં દેખી પોતે દુખી થઈ.
મધમાખી બોલી, "અરે ઘોડા, તું કેમ રડે છે?"
ઘોડો બોલ્યો, "આ ઊંટ રડે છે, તેથી હું પણ રડું છું."
ઊંટ બોલ્યું, "આ બળદ રડે છે, તેથી હું પણ રડું છું."
બળદ બોલ્યો, "આ રામો રડે છે, તેથી હું પણ રડું છું."
રામો બોલ્યો, "મારી ઘેટી દોડીને જતી રહી છે, તે ઘેર આવતી નથી, તેથી હું રડું છું."
મધમાખી બોલી, "રામા, તું રડીશ નહિ. હું બહુ નાની છું, પણ મને થોડું જ્ઞાન છે. હું તારી ઘેટીને ઘેર લાવીશ."
આ સાંભળી ઘોડો હસવા લાગ્યો.
બળદ પણ હસવા લાગ્યો.
ઊંટ પણ હસવા લાગ્યું.
ઘોડો બોલ્યો, "તારાથી આ ઘેટી ઘેર જવાની નથી."
ઊંટ બોલ્યું, "તને દોડતાં તો જરાએ આવડતું નથી."
બળદ બોલ્યો, "તું ઘણીજ નાની અને નબળી છે."

મધમાખી ગણગણવા લાગી.
તે ઘેટીની પાછળ ઉડી.
ઘેટી આમ દોડી તેમ દોડી, પણ મધમાખીએ તેને છોડી નહિ. ઘેટી જ્યાં જાય ત્યાં મધમાખીનું ગણગણવું સાંભળેજ.
મધમાખી બોલી, "તું ઘેર ચાલ, નહિ તો હું તને કરડીશ."
ઘેટી બોલી, "હવે મારે ઘેર જવું જોઈએ, નહિ તો મધમાખી મને ખરેખર કરડશે."
તેથી તે ઘેટી ઝટ ઘર તરફ દોડી ગઈ.



આ જોઈ રામો હસવા લાગ્યો.
ને ઘેટી પાછળ તે દોડતો ઘેર ગયો.
રામાને ઘણો આનંદ થયો, ને તેને ઘેર જવાનું મળ્યું.
રામો બોલ્યો, "નાની મધમાખી, તું ઘેટીને ઘેર લાવી, તેથી હું તારો ઉપકાર માનું છું."

ખ્રિસ્તમતનાં ગુજરાતી સાહિત્યોપયોગી પુસ્તકો

રા૦ બ૦ કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદીનાં પુસ્તકો

૧. ગુજરાતી ભાષાનું લઘુ વ્યાકરણ, ભાગ ૧ લો, ૨ જો, ભાગ ૩ જો, ૪ આના
૨. ગુજરાતી ભાષાનું મધ્ય વ્યાકરણ, કિ૦ રૂ૦ ૧-૪-૦
૩. ગુજરાતી ભાષાનું મોટું વ્યાકરણ, કિ૦ રૂ૦ ૩-૮-૦

૪. [illegible] વ્યાકરણ-ગુજરાતી-અંગ્રેજી; રે. [illegible] ટેલર, એમ.એ. કૃત પુસ્તક ૧લું, ૧૨ આના; પુસ્તક ૨જું, ૮ આના
૫. ગુજરાતી કોપિ બુક નં૦ ૧-૭; દરેકની કિ૦ રૂ૦ ૦-૧-૬
૬. ગુજરાતી [illegible]—[illegible], બી.એ., બી.આઇ.ઈ. કૃત;
ભાગ ૧લો ધોરણ ૨-૩ માટે, કિ૦ રૂ૦ ૦-૧૨-૦
,, ૨જો ,, ૪-૫ ,, કિ૦ રૂ૦ ૦-૧૪-૦
,, ૩જો ,, ૬-૭ ,, કિ૦ રૂ૦ ૧-૮-૦
૭. હિંદુસ્તાનનો ઇતિહાસ, ગુજરાતી આવૃત્તિ, અંગ્રેજી, ઈ. માર્સડન બી.એ. કૃત; કિ૦ રૂ૦ ૧-૪-૦
૮. હિંદના અર્વાચીન ઇતિહાસ, અંગ્રેજી, [illegible] કિ૦ રૂ૦ [illegible]

રા૦ બ૦ કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદીએ કરેલાં ભાષાંતરો

૯. હિંદુસ્તાનના ઇતિહાસમાંથી ચઢતી વાર્તાઓ, ભાગ ૧, ઈ. માર્સડન, બી.એ. કૃત; કિ૦ ૧૨ આના
૧૦. ઇતિહાસના પ્રાથમિક પાઠો, અંગ્રેજી, ઈ. માર્સડન, બી.એ. કૃત; કિ૦ રૂ૦ [illegible]
૧૧. ભૂગોળના પ્રાથમિક પાઠો, અંગ્રેજી, ઈ. માર્સડન, બી.એ. કૃત; કિ૦ રૂ૦ [illegible]
૧૨. [illegible] વર્ગો માટે ભૂગોળ, અંગ્રેજી, ઈ. માર્સડન, બી.એ. કૃત; કિ૦ [illegible]
૧૩. ગુજરાતી નકશાપોથી, ૨૪ નકશા વાળી; કિંમત રૂ૦ [illegible]
૧૪. આરોગ્યવિજ્ઞાન, [illegible] એમ.એ., [illegible] કૃત. કિંમત રૂ૦ ૦-૬-૦
૧૫. [illegible] આરોગ્યશાસ્ત્ર; કિ૦ રૂ૦ ૦-૧૨-૦
૧૬. પૃથ્વીની [illegible] અને [illegible], ભાગ ૧લો, કિંમત રૂ૦ ૦-૧-૦
ભાગ ૨જો રૂ૦ ૦-૩-૦; ભાગ ૩જો રૂ૦ ૦-૩-૦

[illegible] Gujarati [illegible] Rev. [illegible]
[illegible] M.A., D.D. [illegible] 1920